# LRD પરીક્ષામાં સુરત પોલીસ અનેક વિદ્યાર્થી માટે દેવદૂત બની

**સુરત** પોલીસે વાલી બની પરીક્ષાર્થીઓનાં ભવિષ્ય રોળાતા બચાવ્યાં

સુરતઃરવિવારની સવાર સુરત પોલીસ માટે માત્ર કાયદો અને વ્યવસ્થા જાળવવાની નહોતી, પણ સેંકડો ઉમેદવારોની વર્ષોની આકરી મહેનતને આશાના કિરણમાં બદલવાની પરીક્ષા સાબિત થઈ હતી. લોકરક્ષક દળ (LRD)ની લેખિત પરીક્ષા દરમિયાન સુરત પોલીસનો એક અત્યંત સંવેદનશીલ અને માનવીય ચહેરો સામે આવ્યો છે. ખાખી વરદી ધારણ કરવા નીકળેલા ઉમેદવારો જ્યારે રવિવારની સવારે ટ્રાફિક, બંધ દુકાનો અને સરનામાની ગૂંચવણમાં ફસાયા, ત્યારે સુરત પોલીસે એક સાચા વાલીની ભૂમિકા ભજવી કટોકટીના સમયે દેવદૂત બનીને મદદે આવી હતી.

## રડતી દીકરી માટે ડિંડોલીથી લસકાણા ૧૮ કિમી સરકારી ગાડી દોડાવી

**કિસ્સો-1** LRDની પરીક્ષા આપવા નીકળેલી એક વિદ્યાર્થિની સેન્ટરના નામની ગૂંચવણને કારણે ભૂલથી ડિંડોલી સ્થિત વેદાંત ઇન્ટરનેશનલ સ્કૂલ પહોંચી ગઈ હતી. કેન્દ્ર પર ચેકિંગ દરમિયાન તેને ખબર પડી કે તેનું અસલી પરીક્ષા કેન્દ્ર તો અહીંથી આશરે ૧૮ કિલોમીટર દૂર કામરેજ રોડ પર આવેલું 'જે.બી. કાર્પ વિદ્યાસંકુલ' (લસકાણા) છે. પરીક્ષાનો સમય માથે હોવાથી દીકરીના પગ નીચેથી જમીન સરકી ગઈ અને તે રડવા લાગી હતી. આ જોઈ ડિંડોલી પોલીસ મથકના અધિકારીઓએ દીકરીને આશ્વાસન આપી સરકારી વાહનમાં બેસાડી, સાયરન સાથે રસ્તાઓ ક્લિયર કરાવી ગણતરીની મિનિટોમાં તેને લસકાણા સેન્ટર પર બિલકુલ સમયસર પહોંચાડી દીધી હતી.

### ઝેરોક્ષની દુકાનો બંધ જોઈ ખટોદરા પોલીસે સ્ટેશનમાં કોલલેટર પ્રિન્ટ કરી આપ્યો

**કિસ્સો-2** એક ઉમેદવારનો કોલલેટર ખોવાઈ ગયો હતો. રવિવાર હોવાથી આસપાસની તમામ ઝેરોક્ષ અને કોમ્પ્યુટરની દુકાનો બંધ હતી. આ બાબતની જાણ થતાં જ ખટોદરા પોલીસ મદદે આવી. પોલીસે ઉમેદવારને તાત્કાલિક ખટોદરા પોલીસ સ્ટેશન લઈ જઈ, પોતાના કમ્પ્યુટર સેટઅપ પરથી ઓનલાઈન નવો કોલલેટર ડાઉનલોડ કરી પ્રિન્ટ કાઢી આપી તેને સમયસર વિદ્યા ભારતી સ્કૂલ પરીક્ષા કેન્દ્ર પર પહોંચાડવાની ખાસ વ્યવસ્થા પણ કરી આપી હતી.

### રાંદેરથી ગોરાટ... સેન્ટરના કન્ફ્યુઝનમાં ફસાયેલી વિદ્યાર્થિની માટે PCR બની 'લાઈફલાઈન'

**કિસ્સો-3** આવો જ એક કિસ્સો રાંદેર વિસ્તારમાં બન્યો, જ્યાં એક વિદ્યાર્થિની ભૂલથી એમ. એમ. મુલ્લા એન્ડ એમ. એ. નાના ગર્લ્સ હાઇસ્કુલ (રાંદેર) ખાતે પહોંચી ગઈ હતી. પરંતુ તેનું સાચું કેન્દ્ર એમ. એ. ગર્લ્સ સેકન્ડરી સ્કૂલ (ગોરાટ) હતું. સમય ખૂબ ઓછો હોવાથી ત્યાં તૈનાત પોલીસ અને PCR વાનના જવાનોએ સમયસૂચકતા વાપરી. વિદ્યાર્થિનીને પીસીઆર વાનમાં તેને સેન્ટર પર પહોંચાડી હતી

### પાલ પોલીસે વિદ્યાર્થીને કોલ લેટર કાઢી આપી સેન્ટરે પહોંચાડ્યો

**કિસ્સો-4** પાલ પોલીસ સ્ટેશન વિસ્તારની ભૂલકા વિહાર સ્કૂલે પહોંચેલા એક પરીક્ષાર્થીને ખ્યાલ આવ્યો કે તેનો કોલ લેટર રસ્તામાં ક્યાંક પડી ગયો છે. વિદ્યાર્થી ભારે મૂંઝવણમાં મુકાઈ જતાં પાલ પોલીસે તાત્કાલિક તેને સરકારી વાહનમાં પોલીસ સ્ટેશન લાવી, તેના મોબાઈલમાં રહેલી સોફ્ટ કોપી પરથી પ્રિન્ટ કઢાવી આપી અને ફરી સરકારી વાહનમાં જ તેને પરીક્ષા કેન્દ્ર પર સમયસર રવાના કર્યો હતો.

### કન્ફ્યુઝનમાં ફસાયેલા ૬૦ વિદ્યાર્થીઓને સાચા

**કિસ્સો-5** સૌથી મોટો અને પ્રશંસનીય કિસ્સો અશ્વિનીકુમાર પોલીસ સ્ટેશન વિસ્તારમાં બન્યો. અશ્વિનીકુમાર વિસ્તારમાં પી.પી.સવાણી વિદ્યાભવન (હીરાબાગ) ખાતે પરીક્ષા કેન્દ્ર હતું, જ્યારે ઘણા ઉમેદવારોનું કેન્દ્ર પી.પી.સવાણી વિદ્યાલય (ઉમરા) ખાતે હતું. નામની સરખામણીમાં ભૂલથી આશરે ૬૦ જેટલા ઉમેદવારો હીરાબાગ કેન્દ્ર પર આવી પહોંચ્યા હતા. હીરાબાગથી ઉમરા કેન્દ્રનું અંતર અંદાજે ૧૫ કિમી જેટલું હોવાથી વિદ્યાર્થીઓ મુશ્કેલીમાં મુકાયા હતા. અશ્વિનીકુમાર પોલીસ સ્ટેશનના અધિકારીઓ અને સ્ટાફે તાત્કાલિક સરકારી વાહનોની વ્યવસ્થા કરી આ તમામ ૬૦ ઉમેદવારોને સમયસર ઉમરા કેન્દ્ર પર પહોંચાડ્યા હતાં

### બસમાં બેગ ભૂલી ગયેલી નર્મદાની દીકરી પરીક્ષા ન આપી શકી

**કિસ્સો-6** નર્મદા જિલ્લાના ડેડિયાપાડાના ગઢ વિસ્તારથી ભારે આશા સાથે સુરત પરીક્ષા આપવા આવેલી મોગરાબેન વસાવા નામની વિદ્યાર્થિની પોતાની બેગ બસમાં જ ભૂલી ગઈ હતી. આ બેગમાં તેના મહત્વના ડોક્યુમેન્ટ્સ અને કોલ લેટર હતા. રાંદેરની એમ.એ. મુલ્લા સ્કૂલ ખાતે પહોંચીને પોતાની ભૂલ સમજાતા જ દીકરી પરીક્ષા ન આપી શકવાના આઘાતમાં ચોધાર આંસુએ રડવા લાગી. ફરજ પરના PSI બી.જી. વસાવા, હેડ કોન્સ્ટેબલ અરવિંદભાઈ અને કોન્સ્ટેબલ સુરેન્દ્રભાઈએ તાત્કાલિક સ્થિતિ સંભાળી. દીકરીને હિંમત અને સાંત્વના આપી, PCR 53 ની મદદથી તેને અડાજણ ડેપો સુધી પહોંચાડીને રાજપીપળા જતી બસમાં સુરક્ષિત રીતે ઘરે રવાના કરી માનવતા મહેકાવી હતી.

# અઠવાલાઈન્સના વેપારીને પાવાગઢના જંગલમાં લૂંટી લીધો

**ડોલર** આપવાના બહાને વેપારીને વડોદરા બોલાવી ૮.૦૩ લાખ આંચકી ગયા

સુરતઃ અઠવાલાઈન્સ વિસ્તારમાં રહેતા એક વેપારીને એનજીઓ ચલાવતા હોવાની ઓળખ આપી, સ્વામિનારાયણ મંદિર અને ડોલરના નામે છેતરપિંડી આચરનાર એક ટોળકીનો પર્દાફાશ થયો છે. પાવાગઢના જંગલ વિસ્તારમાં વેપારીને લઈ જઈ ૮.૦૩ લાખ રૂપિયા પડાવી લેનાર છ શખ્સ વિરુદ્ધ ઉમરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે.

અઠવાલાઈન્સના સમવસરણ એપાર્ટમેન્ટમાં રહેતા સંકેત ભરતભાઈ શાહ નામના વેપારીને ગત ડિસેમ્બર ૨૦૨૫માં મુકેશ જયસ્વાલ, વિશાલ પટેલ, ડો.નિલેશ, રાહુલ, સ્વામી અને એક અજાણ્યા શખ્સ સાથે મુલાકાત થઈ હતી. આ ટોળકીએ પોતાને એનજીઓ સાથે જોડાયેલા હોવાનું જણાવી ફરિયાદીનો વિશ્વાસ જીત્યો હતો. તેઓએ એવી લાલચ આપી હતી કે, સ્વામિનારાયણ મંદિરમાં વિદેશથી આવતા ડૉલર તેઓ પાસે છે, જેની સામે ભારતીય કરન્સી આપવાથી મોટો ફાયદો થશે. વેપારી તારીખ ૨ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ વડોદરા ગયા હતા. આરોપીઓએ વેપારીને વડોદરાથી અસોદ ચોકડી અને ત્યાંથી રેલીશ હોટલ પર બોલાવ્યા હતા. ત્યારબાદ પાવાગઢ તરફના સુમસામ જંગલ વિસ્તારમાં લઈ ગયા હતા. ત્યાં આરોપીઓએ વેપારી પાસેથી ૯,૧૧,૦૦૦ રૂપિયા પડાવી લીધા હતા. બદલામાં વેપારીને માત્ર ૧૦૦ ડોલરની બે નોટો અને એક-એક ડોલરની થોડી નોટો આપી હતી. બાકીના ૮,૦૩,૦૦૦/- રૂપિયા લઈને આ ટોળકી ત્યાંથી રફુચક્કર થઈ ગઈ હતી.લાંબા સમય સુધી ઉઘરાણી કરવા છતાં રૂપિયા પરત ન મળતા આખરે વેપારીએ ઉમરા પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે મુકેશ જયસ્વાલ, વિશાલ પટેલ, ડો.નિલેશ, રાહુલ, સ્વામી અને એક અજાણ્યા શખ્સ સામે ગુનો નોંધી આરોપીઓના મોબાઈલ નંબરના આધારે તપાસ શરૂ કરી છે.

# દંડ ભરવાનું કહેનાર પોલીસ કર્મચારીની છાતીમાં મુક્કા માર્યા

**તુ** કોણ છે દંડ લેવા વાળો તેમ કહી નોકરીમાંથી પણ કઢાવી નાંખવાની ધમકી આપી દંડની પાવતી પણ ફેંકી દીધી

**રિક્ષા** પર માથું અથડાવી પોલીસના ટાંટિયા તોડી નાંખવાનું કહેનારા મોટાવરાછાના બે યુવાનની ધરપકડ

સુરતઃ સચીન જીઆઈડીસી પોલીસ સ્ટેશન સામે રોડ નંબર ૬ પર વાહન ચેકિંગ દરમિયાન હેલ્મેટનો દંડ ભરવાનું કહેતાં બે યુવકો ઉશ્કેરાઈ જઈ ફરજ પરના પોલી કર્મચારીનો કોલર પકડીને મારી નોકરીમાંથી કઢાવી મૂકવાની અને હાથ-પગ તોડાવી નાખવાની ધમકી આપી હતી.બંને યુવકોને પોલીસ સ્ટેશન લઈ જતા હતા ત્યારે એક યુવકે રોડ પર જતી રિક્ષામાં માથું મારી નાટક બાજી પણ કરી હતી.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, ગત તારીખ ૧૩/૦૬/૨૦૨૬ના રોજ સાંજના આશરે સાડા છ વાગ્યાના સુમારે સચીન જીઆઈડીસી પોલીસ સ્ટેશનના કર્મચારીઓ રોડ નંબર-૦૬ ઉપર વાહન ચેકિંગની કામગીરી કરી રહ્યા હતા. તે દરમિયાન હેલમેટ વગરના મોપેડ ચાલકને દંડ ભરવાનું કહેતા તે ઉશ્કેરઇ ગયો હતો અને જેથી મોપેડ ચાલક એકદમ ઉશ્કેરાઈ ગયો હતો અને 'તુ કોણ છે દંડ લેવા વાળો?' તેમ કહી પોલીસની દંડની પાવતી પણ રોડ પર ફેંકી દીધી હતી. એટલું જ નહીં પોલીસ કર્મચારીનો કોલર પકડીને છાતી તેમજ ખભાના ભાગે મુક્કા મારી દીધા હતાં. 'તમે કેવી રીતે નોકરી કરો છો હું જોઉં છું, તમારી નોકરી હવે જશે, પોલીસ સ્ટેશન વિસ્તારની બહાર નીકળો એટલે તમારા હાથ-પગ તોડાવી નાખીશું' તેવી ધમકીઓ આપી હતી.

ફરજ પરના સ્ટાફે બંનેને ત્યાં જ રોકીને નામ-ઠામ પૂછતાં મોપેડ ચાલકે રોનીત ઘનશ્યામભાઈ ડોંડા (ઉંમરઃ ૨૬ વર્ષ ,ધંધોઃ વેપાર,રહે. હરીઓમ રો-હાઉસ, સુદામા ચોક સર્કલ, મોટા વરાછા) અને પાછળ બેસેલા ઇસમે પોતાનું નામ સંકેત જયંતીભાઈ બેલાડિયા (ઉ.વ. ૨૩, રહે. કાન્હારાસ વેલી, મહારાજ ફાર્મ પાસે, મોટા વરાછા) હોવાનું જણાવ્યું હતું. પોલીસે બંનેની ધરપકડ કરી છે.

# તિથિઓની વધઘટ, ૩૦ વર્ષ બાદ અધિક માસમાં બે અમાસ

**અધિક** માસમાં સોમવતી અમાસનો સંયોગ, ૧૫ જુલાઈ ૧૯૯૬ના રોજ અષાઢના અધિક માસ દરમિયાન આવો સંયોગ સર્જાયો હતો

સુરતઃ આજે જ્યેષ્ઠ અધિકમાસના કૃષ્ણ પક્ષની અમાસ છે. તિથિઓની વધઘટને કારણે આ વર્ષે આજે ૧૪ જૂન અને ૧૫ જૂન એમ બે દિવસ અમાસ રહેશે. અધિકમાસ 3 વર્ષમાં એકવાર આવે છે, તેથી આ મહિનાની અંતિમ તિથિ એટલે કે અમાસનું મહત્વ ઘણું વધારે માનવામાં આવ્યું છે. તેવામાં પણ આ વર્ષે 30 વર્ષ બાદ અધિક માસમાં સોમવતી અમાસનો સંયોગ સર્જાયો છે. આ પહેલા ૧૫ જુલાઈ ૧૯૯૬ના રોજ અષાઢના અધિક માસ દરમિયાન આવો સંયોગ સર્જાયો હતો. સોમવતી અમાસના દિવસે સર્વાર્થ સિદ્ધિ યોગ અને અમૃત સિદ્ધિ યોગ પણ બની રહ્યા છે. સોમવતી અમાસ આજે બપોરે ૧૨.૨૧ કલાકથી આવતીકાલે સવારે ૮.૨૦ કલાક સુધી ગણાય છે. એવી માન્યતા છે કે આ તિથિ પર કરવામાં આવેલા ધર્મ-કર્મો અક્ષય પુણ્ય આપે છે. એવું પુણ્ય જેની શુભ અસર જીવનભર રહે છે.

### મિથુન રાશિમાં પ્રવેશ થયા પછી વરસાદ શરૂ થાય છે

સૂર્ય દેવતાને જ જ્યોતિષનો જનક માનવામાં આવે છે. તે બધા ગ્રહોના રાજા છે. આ ગ્રહની સ્થિતિથી જ કાલગણના કરવામાં આવે છે. દિવસ-રાતથી લઇને મહિના, ઋતુઓ અને વર્ષની ગણતરી સૂર્ય વિના કરી શકાતી નથી. દર મહિને જ્યારે સૂર્ય રાશિ બદલે છે, ત્યારે વાતાવરણમાં ફેરફાર થવા લાગે છે. જેથી ઋતુઓ પણ બદલાય છે. આ કારણે સૂર્યની સ્થિતિ મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે. સૂર્યના મિથુન રાશિમાં આવ્યા પછી જ વરસાદની ઋતુ શરૂ થાય છે. કેટલાક વિદ્વાનોના મતે મોટાભાગે જ્યારે સૂર્ય મિથુન રાશિથી સિંહ રાશિ સુધી રહે છે, ત્યાં સુધી વરસાદ થાય છે

### સોમવતી અમાસે પિતૃ તર્પણની વિધિ

ઘર-પરિવારના મૃત સભ્યોને પિતૃદેવ માનવામાં આવ્યા છે. તેમની તૃપ્તિ માટે શ્રાદ્ધ, તર્પણ અને ધૂપ-ધ્યાન કરવાની પરંપરા છે. ખાસ કરીને આ શુભ કાર્યો અમાસના દિવસે કરવામાં આવે છે, કારણ કે અમાસ તિથિના સ્વામી પિતૃદેવ જ માનવામાં આવ્યા છે.

# અઠલાલાઈન્સના ફ્લેટમાં સિલિંગ ધડાકાભેર તૂટી

**બનાવ** બન્યો ત્યારે ફ્લેટ હોલ્ડરની માતા રૂમમાં બેઠા હતા, સદનસીબે બચાવ થયો

સુરતઃ અઠવાલાઈન્સ સ્થિત લાલ બંગ્લો નજીક આવેલા અમરજ્યુ એપાર્ટમેન્ટનાં એક ફ્લેટના લિવંગ રૂમમાં પીઓપીની છતનો એક મોટો ભાગ પડી ગયો હતો.

એપાર્ટમેન્ટનાં ફ્લેટનં-701માં હિરલ ગાંધી તેમનાં પરિવાર સાથે રહે છે. ગઈ કાલે રાત્રે 10:00 કલાકે તેમનાં લિવિંગ રૂમમાં પીઓપીની સિલિંગનો એક મોટો હિસ્સો ધડાકાભેર તૂટી ગયો હતો. અવાજ એટલો જોરદાર હતો કે ઘટના બનતા આજુબાજુનાં ફ્લેટ હોલ્ડરોમાં પણ ભયનો માહોલ ફેલાઈ ગયો હતો. પીઓપી તથા ઈંટનાં ગાબડા પડવાને કારણે રૂમ વેરવિખેર થઈ ગયો હતો. બાદમાં બનાવની જાણ કરાતા જ મજુરા ફાયર બ્રિગેડનો કાફલો સ્થળ ઉપર પહોંચી ગયો હતો. ફાયર સબ ઓફિસર કાંતી ભગેરીયાએ જણાવ્યું હતું કે, ફ્લેટમાં લિવિંગ રૂમમાં રિનોવેશન અને પીઓપીની સિલિંગનું કામકાજ ચાલી રહ્યું હતું. ત્યારે આ ઘટના બની હતી. દરમિયાન લિવિંગ રૂમમાં હેમલ ભાઈનાં માતા બેઠા હતાં. બનાવ બનતાની સાથે જ તેઓ દોડીને બીજા રૂમમાં જતાં રહેતા તેમનો બચાવ થયો હતો. બાદમાં ફાયર બ્રિગેડની ટીમે સ્લેબના ગાબડા હટાવી લેવાની કામગીરી કરી હતી. જોકે બનાવમાં કોઈને ઈજા કે જાનહાનિ પહોંચી ન હતી.

## નશામાં બસ સાથે કાર ઠોકનાર ASI સસ્પેન્ડ

સુરતઃ ગઈકાલે અઠવાલાઈન્સની માયસોર કાફે પાસે બસ સાથે નશાની હાલતમાં કાર અથડાવનાર એએસઆઇને સસ્પેન્ડ કરી તેની સામે ગુનો નોંધવામાં આવ્યો છે. સુરત પોલીસ હેડ ક્વાર્ટર્સની 'બી' કંપનીમાં પાંચ વર્ષથી ફરજ બજાવતા ASI અજયભાઈ હરીભાઈ પટેલની (બકલ નંબર-૨૫૨૯) કારની લોકોએ તપાસ કરી તો તેમાં પોલીસની વર્દી, બુટ અને બેલ્ટ પણ મળ્યા હતાં. સાથે સાથે તેમની કારમાં દારૂની બોટલ પણ મળી આવી હતી. ઉમરા પોલીસ મથકે ASI અજયભાઈ હરીભાઈ વિરુદ્ધ નવી ભારતીય ન્યાય સંહિતા (BNS)ની કલમ ૨૮૧ અને ૩૨૪(૩) ઉપરાંત ગુજરાત પ્રોહિબિશન એક્ટની કલમ ૬૬(૧)(બી) તેમજ મોટર વ્હીકલ એક્ટની કલમ ૧૮૫, ૧૮૪ અને ૧૭૭ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખી પોલીસ કમિશનરના આદેશથી તાત્કાલિક વિભાગીય તપાસ શરૂ કરવામાં આવી હતી.

# છેલ્લા 12 વર્ષમાં સુરત એરપોર્ટ પર મુસાફરોની સંખ્યામાં 13 ગણો ઉછાળો

**યાત્રી** સુવિધા દિવસ નિમિત્તે એરપોર્ટ સત્તાધીશોએ સિદ્ધિઓ રજૂ કરી

સુરતઃ યાત્રી સુવિધા દિવસના અવસરે સુરત આંતરરાષ્ટ્રીય હવાઈ મથક દ્વારા આયોજિત પત્રકાર પરિષદમાં છેલ્લા 12 વર્ષ દરમિયાન એરપોર્ટ દ્વારા હાંસલ કરાયેલી સિદ્ધિઓ, માળખાગત વિકાસ, વિસ્તરેલી હવાઈ કનેક્ટિવિટી અને મુસાફર કેન્દ્રિત સુવિધાઓ અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. આ પ્રસંગે એરપોર્ટ ડિરેક્ટર એ. એન. શર્માએ જણાવ્યું હતું કે નાણાકીય વર્ષ 2014-15 દરમિયાન સુરત એરપોર્ટ પરથી કુલ 1,35,627 મુસાફરની અવરજવર થઈ હતી, જે વર્ષ 2025-26માં વધીને 18,17,233 સુધી પહોંચી છે. આમ મુસાફરોની સંખ્યામાં આશરે 13 ગણો વધારો નોંધાયો છે. હાલ સુરત આંતરરાષ્ટ્રીય હવાઈ મથક દેશના 15 ઘરેલુ ગંતવ્યો સાથે સીધું જોડાયેલું છે. ઉપરાંત આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ સેવાઓ દ્વારા વૈશ્વિક કનેક્ટિવિટી પણ સ્થાપિત થઈ છે. વર્તમાન સમર શેડ્યૂલ મુજબ એરપોર્ટ પરથી દર સપ્તાહે 111 ઘરેલુ પ્રસ્થાન ફ્લાઈટો સંચાલિત થઈ રહી છે. પિકઅવર દરમિયાન પ્રતિ કલાક 240 મુસાફરોને હેન્ડલ કરવાની ક્ષમતામાં વધારો થઈ હવે 1,800 મુસાફરો પ્રતિ કલાકની ક્ષમતા વિકસાવવામાં આવી છે.

### 100 ટકા રિન્યૂએબલ એનર્જી પર ચાલતું એરપોર્ટ

હાલમાં એરપોર્ટ સંપૂર્ણપણે 100 ટકા રિન્યૂએબલ એનર્જી પર સંચાલિત થઈ રહ્યું છે. દર વર્ષે આશરે 9.21 મિલિયન યુનિટ નવનીકરણીય ઊર્જાનો ઉપયોગ કરવામાં આવે છે, જેના કારણે અંદાજે 6,591 ટન કાર્બન ડાયોક્સાઇડના ઉત્સર્જનમાં ઘટાડો થાય છે.

### આજે 'યાત્રી સુવિધા દિવસ'ની ઉજવણી

યાત્રી સુવિધા દિવસના અવસરે 15 જૂને એરપોર્ટ પરિસરમાં આરોગ્ય તપાસ શિબિર યોજાશે. મહિલા સશક્તિકરણને પ્રોત્સાહન આપતા કાર્યક્રમો ઉપરાંત વૃક્ષારોપણ પણ કરવામાં આવશે. આગમન કરનાર મુસાફરોને સ્મૃતિરૂપે છોડની ભેટ આપવામાં આવશે. આ ઉપરાંત રક્તદાન શિબિર, વૃદ્ધાશ્રમના રહેવાસીઓને એરપોર્ટ ટર્મિનલની મુલાકાત તેમજ એન્જિનિયરિંગના વિદ્યાર્થીઓ માટે માર્ગદર્શન સત્રનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

## ડિંડોલીમાં પંદર દિવસથી તણાવમાં રહેતી વિદ્યાર્થિનીએ ફાંસો ખાધો

સુરતઃ ડિંડોલીમાં પંદર દિવસથી તણાવમાં રહેતી વિદ્યાર્થિનીએ ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. મળેલી માહિતી મુજબ, મૂળ મહારાષ્ટ્ર ધુલિયાના વતની રાહુલભાઈ દેવરે હાલમાં ડિંડોલીના શ્રીનાથજી નગરમાં પરિવાર સાથે રહે છે અને ટેમ્પો ચલાવીને પરિવારનું ગુજરાન ચલાવે છે. રાહુલભાઈના સંતાન પૈકી 19 વર્ષીય પુત્રી મોહિની અઠવાલાઈન્સ ખાતે આવેલ સ્કેટ કોલેજના MSC ITનો અભ્યાસ કરતી હતી. રવિવારે બપોરે મોહિનીએ ઘરમાં બારીની લોખંડની ગ્રીલ સાથે દોરી બાંધીને ફાંસો ખાઈને લીધો હતો. ઘટનાની જાણ થતાં જ પરીવારજનો મોહિનીને નીચે ઉતારીને તાત્કાલિક સારવાર માટે બેભાન હાલમાં સ્મીમેર હોસ્પિટલ લઈ ગયા હતા.

જ્યાં ફરજ પરના તબીબએ મોહિનીને મૃત જાહેર કરી હતી. આ સાથે ડિંડોલી પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## 13,500 ડ્રોપઆઉટ વિદ્યાર્થીઓને સ્કૂલે પરત લાવવા

# ખુદ મનપા કમિશનર ઘરે જઈ વાલીઓને સમજાવવા પહોંચ્યા

**સ્થળાંતર,** આર્થિકસંકટ, ઘરકંકાસ ડ્રોપઆઉટ માટે જવાબદાર

સુરતઃ સુરત મહાનગરપાલિકાની શાળાઓમાં આશરે બે લાખ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે, તેમ છતાં શહેરમાં 13,500થી વધુ વિદ્યાર્થીઓ ડ્રોપઆઉટ હોવાનું સામે આવ્યું છે. વિદ્યાર્થીઓને શિક્ષણ સાથે જોડાયેલા રાખવા માટે મનપા દર વર્ષે કરોડો રૂપિયાનો ખર્ચ કરે છે અને પ્રતિ વિદ્યાર્થી સરેરાશ 50 હજાર રૂપિયા ખર્ચાય છે, છતાં હજારો બાળકો શિક્ષણથી દૂર થઈ રહ્યા છે. ત્યારે મનપા કમિશનર એમ.નાગરાજન દ્વારા આવા બાળકોને ફરીથી સ્કૂલ આવતા કરવા ઝુંબેશ હાથ ધરાઈ છે. જેમાં સિનિયર અધિકારીઓને પણ જોડવામાં આવ્યા છે તેમજ કમિશનર પોતે પણ વાલીઓને મળી સમજાવી રહ્યા છે.

મનપા કમિશનર નાગરાજન દ્વારા વર્ષ 2030 સુધી 100 ટકા સાક્ષરતાનું લક્ષ્ય નક્કી કર્યું છે. આ માટે શિક્ષકો હાલમાં વેકેશન બાદ શાળાએ ન આવતા વિદ્યાર્થીઓના ઘરે જઈને વાલીઓને સમજાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. જોકે, સ્થળાંતર સૌથી મોટો અવરોધ બની રહ્યો છે. વેકેશન દરમિયાન વતનમાં ગયેલા ઘણા પરિવારો હજુ પરત ફર્યા નથી, જ્યારે કેટલાક રોજગારી માટે અન્ય સ્થળે સ્થળાંતર કરી ચૂક્યા છે. આર્થિક સંકટના કારણે પણ અનેક બાળકો મજૂરી અને નાના-મોટા કામોમાં જોડાઈ જતાં હોવાથી તેઓ શિક્ષણથી વંચિત રહી જાય છે. ઉપરાંત ઘરકંકાસ, માતા-પિતાના છૂટાછેડા અને પારિવારિક વિખવાદ જેવા કારણો પણ ડ્રોપઆઉટ પાછળ જવાબદાર હોવાનું સામે આવ્યું છે. શિક્ષકોના પ્રયાસો છતાં હજારો બાળકોને ફરી શાળામાં લાવવું પડકારરૂપ બન્યું છે.

## રાષ્ટ્રીય શહેરી વિકાસ મંચ પર સુરતના વિકાસનું પ્રેઝન્ટેશન રજૂ થયું

સુરતઃ મહાનગરપાલિકાના મ્યુ. કમિશનર એમ. નાગરાજનએ નવી દિલ્હીના વિજ્ઞાન ભવન ખાતે યોજાયેલા રાષ્ટ્રીય સ્તરના મહત્ત્વપૂર્ણ કાર્યક્રમમાં ભાગ લઈને સુરત શહેરના શહેરી વિકાસ અને સુશાસનના અનુભવો રજૂ કર્યા હતા. નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ અર્બન અફેર્સના સુવર્ણ જયંતી વર્ષ નિમિત્તે તા. 13 જૂન, 2026ના રોજ યોજાયેલા વિશેષ સમારોહમાં તેઓ ઉપસ્થિત રહ્યા હતા. એનઆઈયુએ દ્વારા કમિશનર નાગરાજનને બે મહત્વપૂર્ણ ચર્ચાસત્રોમાં પોતાના વિચારો રજૂ કરવા આમંત્રિત કરવામાં આવ્યાં હતા. જેમાં સ્થિતિસ્થાપક શહેર આર્થિક ક્ષેત્રો માટે શહેરી સુશાસન અને સંસ્થાકીય વ્યવસ્થાઓ તેમજ પ્રગતિશીલ અને સ્થિતિસ્થાપક શહેરી ભારત માટે ટેકનિકલ ક્ષમતાઓના સશક્તિકરણ' જેવા વિષયોનો સમાવેશ થતો હતો. ચર્ચાસત્રમાં તેમણે ભવિષ્યલક્ષી શહેરોના વિકાસ માટે જરૂરી નીતિઓ અંગે પોતાના મંતવ્યો વ્યક્ત કર્યા હતા.

# 97 લાખનું ગ્રે કાપડ ખરીદી દલાલ સહિત 8 ઠગ દુકાન બંધ કરી ગાયબ

**ડુમસના** વેપારીએ ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધ્યો, ઈકો સેલે તપાસ હાથ ધરી

સુરત : ડુમસ રોડ પર ઓફિસ ધરાવતા એક ગ્રે કાપડના વેપારીને દલાલો અને અલગ-અલગ માર્કેટના વેપારીઓએ મિલીભગત કરી રૂ. ૯૬.૯૪ લાખનો ચૂનો લગાવતા કાપડ બજારમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

પીપલોદ સંસ્કૃત એપાર્ટમેંટમાં રહેતા અને ડુમસ રોડ પર 'ધી રાજહંસ મોંટેસા'માં ઓફિસ ધરાવતા વેપારી નિશિથ યોગેશચંન્દ્ર ગુલાટી (ઉં.વ.૪૫) ને કાપડ દલાલ વિજેન્દ્ર દ્વારકાપ્રસાદ શર્માએ અન્ય દલાલ વિક્કી મેહતા સાથે મળીને વિશ્વાસમાં લીધા હતા. તેઓએ અલગ-અલગ પેઢીઓના માલિકો સાથે મુલાકાત કરાવી માલ અપાવ્યો હતો. જાન્યુઆરીથી જૂન ૨૦૨૫ દરમિયાન આરોપીઓએ ટુકડે-ટુકડે લાખોનો ગ્રે કાપડનો માલ ઉધારમાં મંગાવ્યો હતો. વેપારીએ દલાલના ભરોસે મોતીલાલ સૈની (સુદર્શ ન ફેશન)ને રૂ.૧૬.૯૬ લાખ, સુભાષભાઈ જૈનને રૂ.૨૬.૬૪ લાખ, ચંન્દ્રપ્રકાશ વૈષ્ણવને રૂ.૨૩.૬૨ લાખ, મનીષકુમાર શુક્લાને રૂ.૩.૯૫ લાખ, બસ્તીરામ સરગરાને રૂ.૮.૭૦ લાખ અને અજય દાયમાને રૂ.૧૭.૦૪ લાખનો મળી કુલ રૂ.૯૬,૯૪,૪૮૧નો માલ અપાવ્યો હતો. જે બાદ પેમેન્ટ નહીં આવતા તપાસ કરતાં મોતીલાલ, સુભાષ જૈન સહિતના વેપારીઓએ પોતાની દુકાનો વાળી લીધી હતી અને મોબાઈલ ફોન બંધ કરી સુરત છોડીને ભાગી ગયા હોવાનું જણાયું હતું. આ અંગે ડુમસ પોલીસે છેતરપિંડીનો ગુનો દાખલ કર્યો છે. આ આર્થિક ગુનાની ગંભીરતા જોતા તપાસ સુરત શહેર ઈકો સેલને સોંપવામાં આવી છે.

### આઠ ઠગબાજ સામે ગુનો દાખલ

(૧) વિજેન્દ્ર દ્વારકાપ્રસાદ શર્મા (દલાલ- રહે., સિધ્ધેશ્વર કોમ્પલેક્સ, સિધેશ્વર સોસાયટી, પુણાગામ), મોતીલાલ હિરાલાલ સૈની (સુદર્શન ફેશન, કુબેરજી વિઝન, પુણા, કુંભારીયા), વિક્કી મેહતા (દલાલ), સુભાષભાઈ ઉદયભાઈ જૈન ( પૂજા આર્ટ, મિલેનીયમ ટેક્સટાઈલ માર્કેટ-૪, ભાઠેના રોડ, ઉધના સ્ટેશન પાસે), ચંન્દ્રપ્રકાશ સતિષ વૈષ્ણવ (નવ વધુ, અવધ રૂતુરાજ ટેક્સટાઈલ માર્કેટ, બી.આર.ટી.એસ રોડ, ગોડાદરા), મનીષકુમાર શક્તિપ્રસાદ શુક્લા (તાન્યા ટેક્સટાઈલ, રાધા માધવ ટેક્સટાઈલ માર્કેટ, પરવતગામ, દેવડરોડ, ગોડાદરા), બસ્તીરામ સરગરા (વામન ફેશન, સાંઈ દર્શન માર્કેટ, મિલેનિયમ ટેક્સટાઈલ માર્કેટની પાછળ, રિગ રોડ), અજય સુરેશકુમાર દાયમા (અજય ક્રિયેશન, ૧૦૪૬, હરિઓમ માર્કેટ, રિગ રોડ, સુરત)

# પાણી બચાવોની બૂમો પાડતી પાલિકાને જ વેડફાટ રોકવા ટાઈમ નથી!

**અડાજણના** એલપી સવાણી રોડ પર લાઇનમાં લીકેજથી હજારો લિટર પાણીનો વ્યય, ફરિયાદો છતાં મનપા નિષ્ક્રિય

સુરતઃ એક તરફ સુરત મહાનગરપાલિકા શહેરમાં પાણી બચાવવા માટે શહેરીજનોને અપીલ કરી રહી છે અને ઉદ્યોગોને ટ્રીટેડ પાણીનો ઉપયોગ કરવા પ્રોત્સાહન આપી રહી છે, ત્યારે બીજી તરફ અડાજણ વિસ્તારમાં એલપી સવાણી રોડ પર કોટક મહિન્દ્રા બેંક સામે છેલ્લા કેટલાક દિવસોથી પાણીની લાઇનમાં લીકેજ થતાં મોટા પ્રમાણમાં પાણી વેડફાઈ રહ્યું હોવાની ફરિયાદ ઊઠી છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ અડાજણના એલપી સવાણી રોડ પર કોટક મહિન્દ્રા બેંક સામે પાણીની લાઇનમાં લાંબા સમયથી લીકેજ છે. લીકેજના કારણે સતત પાણી વહેતું રહેતા રસ્તા પર પાણી ભરાઈ જાય છે અને આસપાસના વિસ્તારમાં અસુવિધા સર્જાઈ રહી છે. આ અંગે અનેક વખત મનપાને રજૂઆત કરવામાં આવી હોવા છતાં હજુ સુધી સમસ્યાનો કાયમી ઉકેલ લાવવામાં આવ્યો નથી. પાણી બચાવ અંગે જાગૃતિ અભિયાન ચલાવતી મનપા પોતાના જ પાણી વિતરણ નેટવર્કમાં થતો વ્યય અટકાવવામાં નિષ્ફળ રહી હોવાનો આક્ષેપ સ્થાનિકો કરી રહ્યા છે. લોકોએ તાત્કાલિક લીકેજ રિપેર કરી પાણીનો બગાડ અટકાવવા માંગ કરી છે. જો વહેલી તકે કાર્યવાહી નહીં કરવામાં આવે તો ઉનાળામાં પાણીની વધતી માંગ વચ્ચે કિંમતી પાણીનો વધુ વ્યય થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.